# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ.

<u>પરિપત્રઃ–</u>

**વિષયઃ- શૈક્ષણિક વર્ષઃ૨૦૨૧-૨૨નાં ત્રીજા તથા પાંચમા સેમેસ્ટરમાં કોલેજ ટ્રાન્સફર કરી પ્રવેશ મેળવવા બાબતે મુદ્દત વધારો કરવા બાબત.**
**સંદર્ભઃ અત્રેના પરિપત્ર ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમીક/૭૬૬/૨૦૨૧, તા.૧૭/૦૬/૨૦૨૧.**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન સરકારી/ગ્રાન્ટ ઇન એઇડ/સ્વનિર્ભર તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ/તમામ અનુસ્નાતક કેન્દ્રોનાં વડાશ્રીઓ તેમજ વિધાર્થી ભાઇઓ-બહેનોને જણાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં કોલેજ ટ્રાન્સફર બાબતે માનનીય કુલપતિશ્રીનાં આદેશ અનુસાર યુ.જી.સેમેસ્ટર-૩,૫ તથા પી.જી.સેમેસ્ટર-૩માં કોલેજ ટ્રાન્સફરથી પ્રવેશ મેળવવા માંગતા વિધાર્થીઓએ **અત્રેની યુનિવર્સિટીના ઉક્ત સંદર્ભદર્શિત પરિપત્રથી તા.૧૮/૦૬/૨૦૨૧ થી તા.૩૦/૦૬/૨૦૨૧ સુધીમાં વિધાર્થીઓએ કોલેજ ટ્રાન્સફર કરવા અંગે જે કોલેજમાં પ્રવેશ મેળવવા માંગતા હોય તે કોલેજ ખાતે અરજી કરવાની રહેશે તેમજ કોલેજ દ્વારા તા.૦૫/૦૭/૨૦૨૧ સુધીમાં અત્રેની યુનિવર્સિટી ખાતે અરજી કરવા જણાવેલ હતું.**

ઉક્ત બાબતે માન.કુલપતિશ્રી દ્વારા વિધાર્થીઓની રજુઆત ધ્યાને લઇ વિધાર્થી હિતમાં ટ્રાન્સફર માટે અરજી કરવાની મુદ્દત લંબાવવામાં આવે છે. જે અંગે વિધાર્થીઓ દ્વારા **તા.૦૬/૦૭/૨૦૨૧ થી તા.૧૦/૦૭/૨૦૨૧ સુધીમાં કોલેજ ટ્રાન્સફર કરવા અંગે જે કોલેજમાં પ્રવેશ મેળવવા માંગતા હોય તે કોલેજ ખાતે અરજી કરવાની રહેશે તેમજ કોલેજ દ્વારા તા.૧૩/૦૭/૨૦૨૧ સુધીમાં અત્રેની યુનિવર્સિટી ખાતે અરજીઓ જમા કરાવવાની રહેશે.**

<u>**ખાસ નોંધઃ-**</u>
**અત્રેની યુનિવર્સિટીના તા.૧૭/૦૬/૨૦૨૧નાં** કોલેજ ટ્રાન્સફરનાં પરિપત્રમાં **વિધાર્થીઓના કોલજ ટ્રાન્સફર આપવા અંગે જણાવેલ તમામ શરતો યથાવત રહેશે.**

**કા.કુલસચિવ**

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૮૫૯/૨૦૨૧
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ,
બિલખા રોડ, ખડીયા-જૂનાગઢ-૩૬૨ ૨૬૩
તા.૦૬/૦૭/૨૦૨૧

**પ્રતિ,**
- ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ/અનુસ્નાતક કેન્દ્રોનાં વડાશ્રીઓ/પ્રો.ઇન્ચાર્જશ્રીઓ તરફ...

<u>નકલ રવાનાઃ-</u>
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવ.
(૨) આઇ.ટી.સેલ વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા અર્થે.